# ગુજરાત જાહેર સેવા આયોગ

**અગત્યની જાહેરાત**

**ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ- ૧અને ૨**

**(જાહેરાત ક્રમાંક: ૧૨૧/૨૦૧૬-૧૭) ની પ્રિલિમિનરી પરીક્ષા**

આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ- ૧અને ૨ (જાહેરાત ક્રમાંક: ૧૨૧/૨૦૧૬-૧૭) ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ રાજ્યના ૩૨ જિલ્લામાં, ૧૦૯૨ પેટા કેન્દ્રો ખાતે યોજવામાં આવનાર છે. પ્રશ્નપત્ર-૧ (સામાન્ય અભ્યાસ) સવારના ૧૧:૦૦ થી ૦૧:૦૦ અને પ્રશ્નપત્ર-૨ (સામાન્ય અભ્યાસ-૨) બપોર બાદ ૦૩:૦૦ થી ૦૫:૦૦ દરમિયાન લેવામાં આવશે.

**પરીક્ષા આપનાર ઉમેદવારોને નીચે મુજબ વિશેષ સૂચનાઓ આપવામાં આવે છે.**

**૧.** પરીક્ષા શરુ થવાના અડધા કલાક પહેલા એટલે કે પ્રશ્નપત્ર-૧ માટે સવારે ૧૦:૩૦ કલાકે અને પ્રશ્નપત્ર-૨ માટે બપોરે ૨:૩૦ કલાકે ઉમેદવારોને પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. ઉમેદવારોએ સમય મર્યાદામા જ પરીક્ષા ખંડમાં બેસી જવુ. ઉમેદવારે પોતાના જ બેઠક નંબર ઉપર સ્થાન લેવું. **પ્રવેશપત્ર તા. ૪/૬/૨૦૧૭ ના રોજ સવારના ૯.૦૦ કલાક પહેલા જ ડાઉન લોડ થઇ શકશે. ૯.૦૦ કલાક બાદ કોઇ ઉમેદવાર પ્રવેશપત્ર ડાઉન લોડ કરી શકશે નહી.**

**૨.** પરીક્ષા શરૂ થયા બાદ એટલે કે પ્રશ્નપત્ર-૧ માટે ૧૧.૦૦ કલાક બાદ અને પ્રશ્નપત્ર-૨ માટે ૧૫.૦૦ કલાક બાદ કોઇ પણ સંજોગોમાં ઉમેદવારને પ્રવેશ આપવામા આવશે નહિ જેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી.

**૩.** ઉમેદવારે પ્રવેશ પત્ર અને લખાણ માટે પેન સિવાય અન્ય કોઇ પણ ચીજ વસ્તુ જેવી કે મોબાઇલ, કેલ્ક્યુલેટર કે અન્ય કોઇ પણ જાતનું ઈલેકટ્રોનિક્સ ગેઝેટ સાથે રાખવાનું નથી. જો કોઇ ઉમેદવાર ઉપરોક્ત ઉપકરણો સાથે પકડાશે તો **તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે** અને **આયોગના નિયમો** અનુસાર શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે આયોગ દ્વારા લેવાનાર ભવિષ્યના ભરતી પ્રસંગો માટે પણ ગેર લાયક ઠેરવવામાં આવશે.

**૪.** ઉમેદવારને એક જ જવાબવહી આપવામાં આવશે. જવાબવહી પર પ્રીન્ટ થયેલ નંબર અને ઉમેદવારનો બેઠક નંબર સમાન છે, તે ઉમેદવારે ચકાસી લેવું. પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારે નિરીક્ષક [ઇનવિજિલેટર] દ્વારા અપાતી સૂચનાનું કાળજીપૂર્વક પાલન કરવું. **OMR** શીટ મળ્યા બાદ તેનો ચીવટથી અભ્યાસ કરવો અને પોતાનું નામ, બેઠક નંબર, પ્રશ્નપત્રની સીરીઝ, પરીક્ષા કેંદ્ર ના શહેરનું નામ, પરીક્ષાની તારીખ, પરીક્ષાનું નામ અને પોતાની જન્મ તારીખ વિગેરે બાબતો સાથે ઉમેદવારે પોતાની સહી કરવી તેમજ નિરીક્ષકની સહી કરાવવી. જો ઉમેદવારે જવાબવહીમાં **સહી નહી કરી** હોય તો, તેવી જવાબવહી તપાસવામાં આવશે નહી.

**૫.** ઉમેદવારે કાળી કે વાદળી બોલપેનથી કાળજીપૂર્વક કોડીંગ કરવું. એક વખત કરેલ કોડીંગ સુધારી શકાશે નહી. તે માટે છેકછાક કરવી નહી કે વ્હાઇટનર જેવી વસ્તુ નો ઉપયોગ કરવો નહી. જો કોઇ પણ સંજોગોમાં ઉમેદવાર **વ્હાઇટનર કે કરેક્શન ઇન્ક** જેવી વસ્તુનો ઉપયોગ કરશે તો તેવા ઉમેદવારની **OMR** જવાબવહી તપાસવામાં આવશે નહી.

**૬.** ઉમેદવારે જવાબવહીમાં રોલ નંબર કે પ્રશ્નપત્ર પુસ્તિકાની સીરીઝ કે પ્રશ્નપત્ર પુસ્તિકાનો નંબર ખોટો લખેલ હશે કે ખોટો એન્કોડ કરેલ હશે તો તે જવાબવહી પણ તપાસવામાં આવશે નહી.

**૭.** પરીક્ષા શરૂ થયાથી પૂરી થાય ત્યાં સુધી શાંતિથી પરીક્ષા આપવી; કોઇ પણ પ્રકારની ચોરી કે ગેરરીતિ કરવી નહિ; વાતચીત કરવી નહી કે મેસેજ આપલે કરવા નહી. જો તેમ કરતા કોઇ ઉમેદવાર પકડાશે તો સખત પગલાં લેવામાં આવશે. **OMR** શીટ વાળવી નહિ; કરચલી ન પડે તે ખાસ જોવું. જવાબવહીને પીન, ટાંકણી કે દોરો બાંધવો નહિ. ઉમેદવારે પરીક્ષા પૂર્ણ થયેથી **OMR** શીટ ખંડ નિરીક્ષકને અચૂક જમા કરવાની રહેશે. કોઇ પણ ઉમેદવારને પરીક્ષા પૂર્ણ થાય તે પહેલાં વર્ગ ખંડ છોડવાની પરવાનગી આપવામાં આવશે નહી. અસાધારણ સંજોગોમાં ઉમેદવારને વર્ગખંડ છોડવાની ફરજ પડે તેવા સંજોગોમાં પ્રશ્નપત્ર સહિત અન્ય પરીક્ષા સાહિત્ય ખંડ નિરીક્ષકને પરત જમા કરાવ્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાની પરવાનગી આપવામાં આવશે.

**૮.** લખાણ શરૂ કરતા પહેલા પ્રશ્નપુસ્તિકા તપાસી લેવી; જો પ્રશ્નપુસ્તિકા ખામીવાળી હોવાની જાણ થાય તો તુરત જ બદલી આપવા નિરીક્ષકને વિનંતી કરવી. પરીક્ષા પૂરી થયા બાદ ઉમેદવાર પ્રશ્નપત્ર લઇ જઇ શકશે. ઉમેદવારે રફ કામ માટે અલગ રફ શીટ ન માંગવું પરંતુ પ્રશ્ન પત્ર માં જ રફ કામ કરવું.

**૯.** સીધી કે આડકતરી રીતે પરીક્ષામાં સફળ થવા ઉમેદવારે કોઇ વગ વાપરવાનો કે ગેરકાયદેસર પ્રયાસ કરવો નહી. કોઇ ઉમેદવાર, કોઇ પણ પ્રકારની ગેરરીતિ કરતા માલુમ પડશે તો તેને આયોગની ભરતી પરીક્ષામા ચોક્કસ સમય માટે કે કાયમ માટે ગેરલાયક ઠેરવવા સહિતની દંડનીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

**૧૦.** પરીક્ષા સંચાલનના ઉચ્ચ માપદંડોને અનુસરવા તમામ પગલાં લેવામાં આવેલ છે. જેથી કોઇ પણ ઉમેદવારે ઉમેદવારોની લાગણી તથા પ્રક્રિયા અને પધ્ધત્તિની અને ગોપનીયતાના ધોરણોની સમજણના અભાવે ગેરલાભ ઉઠાવતા લેભાગુ તત્વોની શેહમાં આવ્યા વિના પોતાની મહેનત અને ક્ષમતા આધારે પરીક્ષા આપવા અનુરોધ કરવામાં આવે છે. જો કોઇ તત્ત્વો ઉમેદવારોને પ્રભાવિત કરી નાણાં ની માંગણી કરે તો તે અંગે તાત્કાલિક **લાંચ રૂશવત વિરોધી બ્યુરો ને** જાણ કરવી.

**ઉમેદવારોને આ સૂચનાઓનું ચૂસ્ત પણે પાલન કરવા જણાવવામાં આવે છે.**

**સદર પરીક્ષા માટેના ૬ પેટા કેંદ્રોના નામ સરનામામાં નીચે મુજબ ફેરફાર થયેલ છે જેની સંબંધિત તમામ ઉમેદવારોને નોંધ લેવા જણાવવામાં આવે છે.**

| Dist. Name | Sub Cen. No. | Roll No | Current Name & Address of Sub Centre | New Name & Address of Sub Centre |
|---|---|---|---|---|
| JUNAGADH | 54 | 115154792 TO 115154983 | D D LADANI VIDYALAY VERAVAL ROAD, AREA B/H. MARUTI SERVICE STATION, KESHOD, DIST: JUNAGADH | D D LADANI VIDYALAY AMBAWADI, KAPAD BAZAR, KESHOD, DIST: JUNAGADH |
| MAHISAGAR | 13 | 119189935 TO 119190294 | SHRI S K HIGH SCHOOL (RAJMAHEL BRANCH), CENTER-B NEAR KOTEJ HOSPITAL, OPPOSITE PETROL PUMP, GODHRA ROAD, LUNAWADA | SHRI S K SCHOOL, CENTER-B RAJMAHEL BUILDING, FUVARA CHOWK, OPP.POLICE STATION, LUNAWADA |
| AHWA, DANG | 03 | 111112985 TO 111113270 | GOVERNMENT ARTS AND COMMERCE COLEGE GOVERNMENT SECONDARY SCHOOL ROAD, MISHANPADA, AHWA, DANG | EKLAYA MODEL RESIDENTIAL SCHOOL MISHAN COMPOUND, NR. I.T.I, , AHWA, DANG |
| GANDHINAGAR | 46 | 113127074 TO 113127313 | SHANTINIKETAN VIDHYA VIHAR KALOL SWADESHI CHALI, NAVJIVAN ROAD,KALAOL,DIS.GANDHINAGAR | SHANTINIKETAN VIDHYA VIHAR KALOL OPP.CHAMUNDA TEMPLE, RAILWAY EAST, KALAOL,DIS.GANDHINAGAR |
| AHMEDABAD | 70 | 101018217 TO 101018456 | SARTHAK PRATHMIK SHALA, SATADHAR CHAR RASTA, OPP. SUN N STEP CLUB, SOLA ROAD, AHMEDABAD | SADHANA VINAY MANDIR PARULNAGAR, BHUYANGDEV CROSS ROAD, SOLA ROAD, AHMEDABAD-380061. |
| PATAN | 7 | 124209561 TO 124209920 | LORD KRISHNA SCHOOL OF SCIENCE, AT RUNI, NEAR M R K FACTORY, TA-DI-PATAN | LORD KRISHNA SCHOOL OF SCIENCE NEAR M.R.K. FACTORY, PATAN-UNJHA ROAD, TA-DI-PATAN |

**ગુજરાત જાહેર સેવા આયોગ તમામ ઉમેદવારોને શુભેચ્છા પાઠવે છે.**